આપણો તાલુકો
વાયબ્રન્ટ તાલુકો

# જૂથ (ક્લસ્ટર) ની રચના તથા તેનું સંચાલન

# "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" - એક અભિગમ

- તાલુકાને સશકત કરવા માટે જિલ્લા ટીમની જેમ તાલુકાની સક્ષમ ટીમનું નિર્માણ કરવાની અને તાલુકો વિકાસની દીવાદાંડી **(Catalyst)** બને
- સારા વહીવટ માટે તાલુકા કક્ષાએ ઝુંબેશોનું સંસ્થાકીયકરણ થાય તે હેતુથી **"Maximum Governance Minimum Government"** ના સિધ્ધાંત ને અનુરુપ અભિગમ
- તાલુકાની જરુરીયાત અને થીમ આધારીત સર્વગ્રાહી આયોજન.
- ભૌગોલિક માહિતી પધ્ધતિ(જીઓગ્રાફીક ઈન્ફર્મેશન સીસ્ટમ) આધારીત ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટ્યુટ ફોર સ્પેશ એપ્લીકેશન્સ એન્ડ જીઓ-ઇન્ફોર્મેટીક્સ (બાયસેગ) દ્વારા તાલુકાની સંપદા મોજણી (એસેટ સરવે) કરવામાં આવેલ છે તથા વિલેજ પ્રોફાઇલ અને તાલુકા પ્રોફાઇલને અધ્યતન કરી તથા તેના આધારે ગેપ એનાલીસીસ કરીને તથા કામોની કોમન એસેટ ડીરેકટરી

# "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" - એક અભિગમ

- તાલુકા કક્ષાએ જુદા જુદા વિભાગો ધ્વારા રચવામાં આવેલ વિવિધ સમિતિઓને બદલે સમય, નાણાં અને માનવશક્તિના યોગ્ય ઉપયોગ માટે એકીકૃત સમિતિઓ
- તાલુકા કક્ષાની આયોજન સમિતિને સક્ષમ બનાવી ચૂંટાયેલા પ્રતિનિધિઓનું આયોજન અને અમલીકરણની પ્રક્રિયામાં અસરકારક યોગદાન
- તાલુકા કક્ષાના સર્વાંગી વિકાસને હાંસલ કરવા માટે તાલુકા કક્ષાએ વિવિધ વિભાગોના અધિકારીઓ અને ચુંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચેના સંકલન માટે તાલુકા સંકલન અને ફરિયાદ સમિતિ
- યોજનાઓની સમીક્ષા માટે બધાજ વિભાગો અને યોજનાઓ માટે એકીકૃત તથા સમાન વ્વસ્થાપન માહિતી સેવા (મેનેજમેન્ટ ઇન્ફોર્મેશન સીસ્ટમ).

# તાલુકા સંકલન અને ફરિયાદ સમિતિની રચના

અધ્યક્ષ તરીકે પ્રાંત અધિકારી

- કાયમી સભ્યો
  - - આયોજન સહ તાલુકા વિકાસઅધિકારી (પંચાયત)/ તાલુકા વિકાસ અધિકારી
  - - નાયબ પોલીસ અધિક્ષક/પોલીસ ઈન્સ્પેક્ટર
- મામલતદાર-સભ્યસચિવ
- તાલુકા વિકાસ અધિકારી,ગ્રામ વિકાસ
- નાયબ કાર્યપાલક ઈજનેર(આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો)/(સિંચાઈ)/ (માર્ગ અને
- મકાન)
- નાયબ/અધિક મદદનીશ ઈજનેર,(પાણી પુરવઠા)
- નાયબ કાર્યપાલક ઈજનેર વીજ કંપની
- અધિક્ષક,સામહિક આરોગ્ય કેન્દ્ર
- બ્લોક હેલ્થ ઓફિસર
- ચીફ ઓફિસર, નગરપાલિકા
- મદદનિશ ખેતી નિયામક

# તાલુકા સંકલન અને ફરિયાદ સમિતિની રચના

- સંબધિત પશુ ચિકિત્સા અધિકારી
- પ્રાયોજના વહીવટદારના પ્રતિનિધિ ( વર્ગ-૨ના સમકક્ષ)
- જીલ્લા ઉધોગ કેન્દ્રના પ્રતિનિધિ ( વર્ગ-૨ના સમકક્ષ)
- જીલ્લા રમત-ગમત અધિકારીના પ્રતિનિધિ
- મદદનીશ વન સંરક્ષણ
- મત્સ્યોધોગ અધિક્ષક (સીનીયર) (લાગુ પડતા તાલુકાઓમાં)
- તાલુકા કેળવણી નિરીક્ષક
- તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષક
- તે ઉપરાંત વિશિષ્ટ મુદ્દાઓને ધ્યાનમાં લઈ જરુર જણાય તેવા સંબંધિત અધિકારીઓને બેઠકમાં હાજર રહેવા સમિતિના અધ્યક્ષ આમંત્રણ આપી શકે છે.
- બેઠકમાં નકકી કરેલા અધિકારીઓએ જાતે હાજરી આપવાની રહે છે. તાલુકા સંકલનની બેઠક પ્રાંત અધિકારીએ બોલાવવાની રહે છે.
- સરકારશ્રી દ્વારા તમામ તાલુકા સંકલન અને ફરીયાદ સમિતિમાં ત્રણ-ત્રણ બિન સરકારી સભ્યોની નિમણુંક કરવામા આવેલ છે આ સભ્યો બેઠકમાં હાજર રહે છે કે કેમ તે અંગે ચર્ચા કરવાની રહે.

# તાલુકા સંકલન સમિતિની કાર્યસૂચિ

- સમિતિની આગળની બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલની સમીક્ષા
- લોકોને સ્પર્શતા હોય તેવા મહત્વના સરકારી હુકમોની ચર્ચા- વિચારણા
- તાલુકા જન સેવા કેન્દ્રમાં મળેલી અરજીઓ અને નિકાલની સમીક્ષા
- પડતર તુમારોના નિકાલની પ્રગતિ, ખાસ કરીને લોકોની અરજીઓના નિકાલની બાબત
- સરકારના વિવિધ ખાતાઓની યોજનાઓનો અસરકારક અમલ થાય તે અંગેની ચર્ચા
- વહીવટને લોકાભિમુખ અને કાર્યક્ષમ કરવા અંગે મહત્વના મુદ્દાઓની ચર્ચા-વિચારણા
- મધ્યાહ્ન ભોજન, સંકલિત બાળ વિકાસ, આરોગ્ય, પશુપાલન, અને મત્સ્યોદ્યોગ, શિક્ષણ, ઉદ્યોગ, ગ્રામ વિકાસ, સામાજિક ન્યાય, આદિજાતિ, કૃષિ, પાણી-પુરવઠા, સિંચાઈ, આવાસ યોજના વિગેરે વિભાગોની રાજય સરકાર ધ્વારા નકકી કરવામાં આવે તેવી યોજનાની સમીક્ષા
- રાજય સરકારની યોજનાઓ જેવી કે, વનબંધુ, સાગરખેડૂ, શાળા-આરોગ્ય, શાળા-પ્રવેશોત્સવ, ગુણોત્સવ, કૃષિ મહોત્સવ, વિગેરેની સમીક્ષા
- કુદરતી આફતો અને અન્ય અગત્યની કામગીરી

# ફરીયાદ સમિતિની બેઠક

- **બેઠકમાં કાયમી આમંત્રિત તરીકે લોક પ્રતિનિધિઓને આમંત્રણ :**
- તાલુકા મત વિસ્તારના વિધાનસભાના સભ્યશ્રી
- તાલુકા પંચાયતના પ્રમુખશ્રી
- અધ્યક્ષશ્રી, તાલુકા સામાજિક ન્યાય સમિતિ
- તાલુકામાં આવેલ નગરપલિકાના પ્રમુખશ્રી
- ત્રણ બિન સરકારી સભ્યો

# અગત્યની નોંધ

- તાલુકા સંકલન સમિતિ કાર્યવાહી પૂર્ણ થયા બાદ તાલુકા ફરીયાદ સમિતિની બેઠક નકકી કરેલા અધિકારીઓએ જાતે હાજરી

- તાલુકા સંકલન અને ફરીયાદ સમિતિની બેઠક શક્ય હોય ત્યાં સુધી દર મહિના ના પ્રથમ શનિવારે. જે પ્રાંતમાં બે તાલુકા હોય તેમણે સવારે અને બપોરે એમ બે તાલુકામાં બેઠક બોલાવવી જ્યારે ત્રણ તાલુકા ધરાવતા પ્રાંતે વહીવટી રીતે અનુકુળ હોય તેવા દિવસે ( ત્રીજા શનિવાર સિવાય) બોલાવવી.

- કાયદાથી નિયત થયેલી અથવા અન્ય કોઈ વિભાગોની તાલુકા કક્ષાએ અન્ય કોઇ કાયમી સમિતિઓની રચના થયેલ હોય તો આવી સમિતિઓની બેઠકો સંકલન સમિતિની બેઠક હોય તે દિવસે જ બોલાવવાની છે.

# તાલુકા કક્ષાએ જ તાલુકાના વિકાસનું આયોજન

તાલુકાની સામાજિક, ભૌગોલિક, તથા આર્થિક પરિસ્થિતિ મુજબ જ તેની ક્ષમતા નબળાઈઓ તથા તકો ધ્યાને લઈને સર્વાંગી વિકાસ માટે તાલુકા વિકાસની થીમને આવરી લઈને તાલુકા વિકાસ પ્લાન બનાવવો

- સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ) ધ્વારા રાજયના તમામ ગામોની વિલેજ પ્રોફાઈલ માહિતી ઉપલબ્ધ છે જેમાં ગામમાં વિવિધ ૩૪ સુવિધાઓ માટે ૩૦૪ પ્રકારની વિગતો ઉપલબ્ધ
- આ ૩૪ સુવિધાઓ મુખ્યત્વે નીચે મુજબ છે.
- વસ્તી વિષયક માહિતી, સાક્ષરતાદર ની વિગતો,બી.પી.એલ કુટુંબની વિગત, કામ કરનારાનુ વર્ગીકરણ, કુલ ઘરોની સંખ્યા, જમીન વિષયક માહિતી, શિક્ષણ, પીવાના પાણીની સવલત, સેનીટેશન, આરોગ્ય વિગેરે.
- આ વિલેજ પ્રોફાઈલનો ઉપયોગ કરી તાલુકા વિકાસ પ્લાન બનાવવાનો રહેશે.
- કલ્સ્ટર અધિકારીઓએ માહિતીને વિલેજ પ્રોફાઈલનું અપડેશન અને વેલિડેશન સમયાંતરે કરાવવાનું રહેશે અને તેનો ઉપયોગ કરવાનો રહેશે.
- વિલેજ પ્રોફાઈલ અને તાલુકા પ્રોફાઈલ અને ગેપએનાલીસીસનો ઉપયોગ કરી તેમજ બાયસેગ ધ્વારા તૈયાર થનાર ભૌગોલિક માહિતી પધ્ધતિનો ઉપયોગ

# તાલુકા વિકાસ પ્લાનનું અમલીકરણ

વિવિધ વિભાગની યોજનાઓનો સમન્વય કરીને ગ્રાન્ટોના ઉપયોગનું આયોજન તાલુકા વિકાસ પ્લાન ધ્યાને લઈને  કામગીરીનો અમલ કરાવવાનો રહેશે.

(૧) સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ) ધ્વારા કરેલ બજેટ જોગવાઈ મુજબ આપણો તાલુકો,  વાયબ્રન્ટ,તાલુકો વિકાસ યોજનાની ગ્રાન્ટ

(૨) જિલ્લા આયોજન મંડળ ધ્વારા તાલુકાને ફાળવવામાં આવનાર ગ્રાન્ટ

(૩) માન. સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ

(૪) આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિસ્તાર સમિતિની ગ્રાન્ટ

(૫) ૪૧ વિકાસશીલ તાલુકાઓની ગ્રાન્ટ

(૬) રાષ્ટ્રિય સ્વાંત્ર્ય પર્વ ઉજવણીની ગ્રાન્ટ

(૭) સાગરખેડૂ સર્વાંગી વિકાસ પેકેજની ગ્રાન્ટ

(૮) વનબંધુ કલ્યાણ યોજના અન્વયેની ગ્રાન્ટ

(૯) જિલ્લા કલેકટરશ્રી,/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને સુધારેલ પુરસ્કાર યોજનાની ગ્રાન્ટ,

(૧૦) ૧૩મા નાણાં પંચની ગ્રાન્ટ

(૧૧) ઉપરોક્ત સિવાય અન્ય વિભાગનો તરફથી તાલુકાને ફાળવવામાં આવનાર ગ્રાન્ટઃ

સંબંધિત વિભાગોની ગ્રાન્ટોનું કામોની મંજૂરી તથા અમલીકરણ સંબંધિત વિભાગો ધ્વારા રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તે પ્રમાણે આયોજન અને અમલીકરણ

# તાલુકાના ક્લસ્ટર એકમની રચના

- વિવિધ સેવાઓનું વિતરણ તેમજ અસરકારક દેખરેખ, નિરીક્ષણની વ્યવસ્થા માટે કલસ્ટર (જૂથ)ની રચના.
- ભૌગોલિક અને સ્થાનિક પરિસ્થિતિને અનુકુળ ગામોના જૂથ તેના ક્લસ્ટર બનાવવાના રહેશે.
- ક્લસ્ટર અધિકારી તરીકે વર્ગ-૧ના ઉપલબ્ધ અધિકારીને નિયુક્ત કરવા અન્યથા તાલુકાના ઉપલબ્ધ વર્ગ-૨ના અધિકારીઓને નિયુક્ત કરવા.
- ક્લસ્ટર અધિકારી પોતાના ખાતાના કર્મચારી ઉપરાંત રેવન્યુ તલાટી અને/અથવા સંબંધિત ગામોના તલાટી કમ મંત્રીનો સહયોગ લઇ શકશે
- ક્લસ્ટર અધિકારીના નિયમિત પ્રવાસના દિવસો નક્કી કરવા
- ૨૧૩૧ ક્લસ્ટરોની રચના
- દરમાસે બે સમીક્ષા બેઠકો પ્રાન્ત દ્વારા
- ૧૪૦૨ સમીક્ષા બેઠકો (જુલાઈ-૨૦૧૨ અંતિત)

# ક્લસ્ટર એકમની કામગીરી

ગુણવત્તા સુધારણા ક્ષેત્રે-

(૧) રાજ્યના સામાજિક ક્ષેત્રો જેવા કે, આરોગ્ય, શિક્ષણ, મહિલા અને બાળ વિકાસ, સ્વચ્છતા વિગેરે માનવ વિકાસના ચાવી રૂપ ક્ષેત્રોના વિકાસ માટે રાજ્યની પ્રજાને પાયાની સવલતો પૂરી પાડી તે ધ્વારા તેઓનું જીવન ધોરણ ઊંચું લાવવા માટે અનેકવિધ પ્રયત્નો હાથ ધરાય તેમા મદદરૂપ

(૨) પ્રજાના માનવ વિકાસ આંક ( HDI )માં સુધારો થાય તે પ્રકારની કામગીરી

(3) ક્લસ્ટર એકમની મુખ્ય કામગીરી વિવિધ યોજનાઓ, કામો, લોકોની સુખાકારીની ગુણવત્તા વધારવી.

(૪) પાયાના ક્ષેત્રો જેવાકે, શિક્ષણ, આરોગ્ય, મહિલા અને બાળવિકાસ વિગેરેની સેવાઓની વિતરણ વ્યવસ્થાની ગુણવત્તામાં સુધારો કરાવી, અસરકારક અમલ કરાવવો

# ક્લસ્ટર એકમની કામગીરી

## આયોજન ક્ષેત્રે-

(૧) તાલુકા આયોજન કરવામાં ક્લસ્ટરનું ગેપ એનાલીસીસ કરી સૂચનો કરવા.

(૨) વિલેજ પ્રોફાઈલની માહિતીનુ વેલીડેશન અને અપગ્રેડેશન સમયાંતરે કરવા.

(3) ક્લસ્ટરમાં માળખાગત સુવિધાઓ તથા માનવ વિકાસ આંક **(H.D.I)** ક્ષેત્રે ખુટતી કડીઓ શોધીને આયોજન કરવા માટે સુચનો કરવા.

(૪) વિકાસ કાર્યોના આયોજન માં સ્થાનિક આવશ્યક્તઓ ઓળખાય, અગ્રિમતાઓ તારવાય, વિકાસ નુ આયોજન સ્થાનિક સ્તરે થાય, તે માટે સુચનો કરવા.

## મોનીટરીંગ ક્ષેત્રે-

(૧) ક્લસ્ટરમાં અમલ થતા વિવિધ કામો સમય મર્યાદામાં પૂર્ણ થાય તે અંગેની દેખરેખ

(૨) વિવિધ વિભાગોની યોજનાઓ સેવાઓ અને પ્રવુતિઓનો અસરકારક અમલ થાય તે અંગે દેખરેખ

# ક્લસ્ટર એકમની કામગીરી

અમલીકરણ ક્ષેત્રે-

(૧) ક્લસ્ટરમાં અમલ થતા વિવિધ કામોની દેખરેખ તથા ગુણવત્તાની દેખરેખ

(૨) વિવિધ વિભાગોના થતા કામોનુ લોકોને જાણકારી આપી સોશ્યલ ઓડીટ કરાવવું.

(3) રાજ્ય સરકારની વિવિધ ઝુંબેશો નુ અમલીકરણ

(૪) વિવિધ વિભાગોની યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોચે તેવા પ્રયત્નો કરવાના

અન્ય કામગીરી-

(૧) પ્રાંત અધિકારીના નિયંત્રણ અને દેખરેખ નીચે કામગીરી

(૨) પ્રાંત અધિકારી દ્વારા બોલાવાતી બેઠકોમાં હાજરી

# ક્લસ્ટર અધિકારી ગ્રામ્ય કક્ષાએ નીચે મુજબના લક્ષ્યાંકો મેળવવાના રહેશે

- શાળા પ્રવેશ દર ૧૦૦ ટકા
- ડ્રોપ આઉટ દર  શુન્ય
- સંસ્થાકીય પ્રસુતી  ૧૦૦ ટકા
- માતા મૃત્યુદર    શુન્ય
- બાળ મૃત્યુદર       શુન્ય
- આંગણવાડીમાં નોર્મલ બાળકોની સંખ્યા.    ૧૦૦ ટકા
- ૦-૨૦ ના તમામ પ્લોટવિહોણા બી.પી.એલ. કુટુંબોને પ્લોટ તથા ૦-૧૬ ના તમામ ઘરવિહોણા બી.પી.એલ. કુટુંબોને આવાસ.
- ઘનકચરો એકઠો કરવા તથા નિકાલની વ્યવસ્થા.

# માનવ વિકાસ ક્ષેત્રે ગુણવત્તા સુધારવાના ગ્રામ્ય કક્ષાના ધોરણો

## શિક્ષણ

## પ્રાથમિક શિક્ષણ

અ. પ્રવેશદર સુધારા= ૨૦૧૧-૧૨ પ્રવેશદર -(માઇનસ) ૨૦૧૦-૧૧ નો પ્રવેશદર x ૧૦

૧૦૦-(માઇનસ) ૨૦૧૦-૧૧નો પ્રવેશદર

## બ. ડ્રોપ આઉટ ઘટાડા ધોરણ

= ૨૦૧૧-૧૨ નું ડ્રોપઆઉટદર -(માઇનસ) ૨૦૧૦-૧૧ નો ડ્રોપઆઉટદર x ૧૦

૨૦૧૦-૧૧નો ડ્રોપઆઉટ દર

## ક. શિક્ષણ ગુણવત્તા સુધારણા આંક

=ગુણોત્સવ ૨૦૧૧-૧૨ માં શાળા આંક-(માઇનસ) ૨૦૧૦-૧૧ શાળા આંક x ૧૦

૧૦-(માઇનસ)૨૦૧૦-૧૧માં શાળા આંક

(ગ્રામ પંચાયત વિસ્તારમાં જો એક કરતાં વધારે શાળાઓ હોય તો તે તમામ પ્રાથમિક શાળાઓની સરેરાશ કરવાની રહેશે.)

## માનવ વિકાસ ક્ષેત્રે ગુણવત્તા સુધારવાના ગ્રામ્ય કક્ષાના ધોરણો
## આરોગ્ય ક્ષેત્રે

- સંસ્થાકીય પ્રસુતિ
  ૯૫ ટકા હોય
- જન્મદર - પ્રતિ ૧૦૦૦ની વસ્તીએ૨૦ કે ૨૦થી ઓછો હોય તો
  ૨૦ થી વધારે અને રાજયની સરેરાશ જેટલો દર વચ્ચે હોય તો
- જન્મ નોંધણી - ૧૦૦ ટકા હોય
- મરણ નોંધણી - ૧૦૦ ટકા હોય
- પૂર્વ પ્રસુતિ તપાસ- ૯૦ ટકા ઉપર હોય તો
  ૮૫ થી ૯૦ ટકા સુધી હોય તો
- રસીકરણ ૧૦૦ ટકા (૧૧ મહિના થી ૨૩ મહિનાના બાળકો)
- ઇન્ફન્ટ બાળ મૃત્યુદર- જો દર ૧૦૦૦ એ ૧૦ હોય
- માતા મૃત્યુદર- જો દર ૧૦૦૦ એ ૧૦૦ હોય
- સ્ત્રી/પુરુષના પ્રમાણ- દર ૧૦૦૦ પુરૂષે ૯૫૦ કે તેથી વધુ સ્ત્રી હોય તો
  દર ૧૦૦૦ પુરૂષે ૯૦૦ કે ૯૫૦ ની વચ્ચે હોય તો
- વિલેજ હેલ્થ અને સેનીટેશન કમિટીમાં ૯૫ ટકા ખર્ચ કરી યુટીસી રજૂ કરેલ હોય

# <u>માનવ વિકાસ ક્ષેત્રે ગુણવત્તા સુધારવાના ગ્રામ્ય કક્ષાના ધોરણો</u>
# <u>સ્વચ્છતા ક્ષેત્રે</u>

- ગામમાં ખુલ્લામાં જાજરૂ ની પ્રથા ન હોય
- શુધ્ધ પીવાના પાણીની વ્યવસ્થા
- પાણીનાસ્ત્રોતોની **<u>સ્વચ્છતા</u>**(**<u>સ્વચ્છ</u>** કુવાઓ, તળાવો, ટાંકીનીવ્યવસ્થા )
- નિયમિત પાણીનું કલોરીનેશન અને ચકાસણી
- જાહેરસ્થળોની **<u>સ્વચ્છતા</u>**
- વર્ષ દરમ્યાન ગામમાં કોઇ રોગચાળાનો બનાવ બનેલ ન હોય
- **<u>મહિલા બાળ વિકાસ ક્ષેત્રે</u>**
- બાલભોગ/સુખડી/શીરો/ઉપમા/પૂરક પોષણ આહાર- ૩૦૦ દિવસ કરતાં વધુ હોય તો
- આંગણવાડી કેન્દ્રમાં બાળકોનો પ્રવેશ / પૂરક પોષણ વિતરણ

  ૦ થી ૬ વર્ષના બાળકો

  ૯૫ ટકાથી વધુ

  ૮૫ થી ૯૫ ટકા સુધી
- આંગણવાડી કેન્દ્રમાં બાળકોની હાજરી
- ગત વર્ષની સરખામણીમાં વધારો તેમજ -૯૫ ટકાથી વધુ

  ૮૫ થી ૯૫ ટકા સુધી
- આંગણવાડીમાં નોર્મલ બાળકોની સંખ્યા-૧૦૦ ટકા
- આંગણવાડી માટે અન્ન પ્રાસન દિવસ- છ માસના બાળકો માટે

  ૯૫ ટકા કરતાં વધારે

  ૮૫ થી ૯૫ ટકા સુધી

# માનવ વિકાસ ક્ષેત્રે ગુણવત્તા સુધારવાના ગ્રામ્ય કક્ષાના ધોરણો
## ગ્રામ વિકાસ ક્ષેત્રે

- એ.પી.એલ. શૌચાલયની ૧૦૦ ટકા કામગીરી
- બી.પી.એલ. શૌચાલયની ૧૦૦ ટકા કામગીરી
- નરેગા યોજનામાં તમામ બી.પી.એલ. લાભાર્થીને જોબકાર્ડ ઇસ્યુ કરવા
- નરેગા યોજનાનો લાભ-૫૦ દિવસથી વધારે
- સખી મંડળની રચના (ગામની વસ્તીના ૫ ટકા કરતાં વધુ બહેનો જોડાયેલી હોય)
- સખી મંડળોનું રેકીંગ સુધારવુ(ગત વર્ષ કરતાં વધુ મંડળોનું રેકીંગ સુધરેલ હોય)
- પંચવટી
- તીર્થગામ/પાવનગામ
- ૦ થી ૨૦ સ્કોર ધરાવતા બી.પી.એલ. પ્લોટ વિહોણા તેમજ ૦ થી ૧૬ ઘર વિહોણા બી.પી.એલ. કુટુંબોને આવાસ (૧૦૦ ટકા)
- સમરસ

ગ્રામ પંચાયત દ્વારા કોઇ વિશિષ્ટ કામગીરીનું આયોજન કરી પૂર્ણ કરેલ હોય તેવા કામ માટે (માનવ વિકાસના ક્ષેત્રે ચાલુ વર્ષે મેળવેલ વિશિષ્ટ કામગીરીની સિધ્ધી, જેવી કે ૧૦૦ ટકા પાકા મકાનો, ૧૦૦ ટકા પાકા રસ્તાઓ તમામ ઘરેથી કચરો એકત્રીત કરી તેના નિકાલની વ્યવસ્થા, સ્ત્રી - પુરૂષના પ્રમાણમાં સ્ત્રી નું પ્રમાણ ૧૦૦૦ કરતાં વધારે વિગેરે)

# માનવ વિકાસ ક્ષેત્રે ગુણવત્તા સુધારવાના ગ્રામ્ય કક્ષાના ધોરણો
# કૃષિ અને જળ સંચયક્ષેત્રે

- મુખ્ય ત્રણ પાકોની ઉત્પાદકતા જે તે ગામના આગળના વર્ષની ઉત્પાદકતામાં
  - ૧૦ ટકા થી ૨૦ ટકા સુધી વધારો કરે તો
  - ૨૦ ટકા થી વધારે વધારો કરે તો
- બાગાયતી પાકો હેઠળનો વાવેતર વિસ્તાર
  - આગળના વર્ષના બાગાયત વિસ્તારમાં
  - ૧૦ ટકા થી ૨૦ ટકા સુધી વધારો કરે તો
  - ૨૦ ટકાથી વધારે વધારો કરે તો
- કેટલા ખેડૂતોને પ્રોત્સાહિત કરીને યોજનાકીય લાભ અપાયેલ છે ?
  - ગામના કુલ ખાતેદાર ખેડૂતો પૈકી
  - ૧ ટકા સુધી
  - ૧ ટકા થી વધારે
- કેટલા બાગાયત/ખેતીવાડીના નિદર્શન પ્લોટ ગોઠવાયા ?
  - ૧ નિદર્શન પ્લોટ માટે
  - ૧ થી વધારે નિદર્શન પ્લોટ માટે
- ખેત તલાવડી ચાલુ વર્ષે ૧૦ કરતાં વધુ બનાવેલ હોય
- બોરીબંધ ચાલુ વર્ષે ૨૫ કરતાં વધુ બનાવેલ હોય
- ચેકડેમ ચાલુ વર્ષે ૧ કરતાં વધુ બનાવેલ હોય
- સરકારી ખરાબા ગ્રામ પંચાયત દ્વારા ગ્રામવન
- ટપક સિંચાઇની કામગીરી(GGRC ધ્વારા)

# માનવ વિકાસ ક્ષેત્રે ગુણવત્તા સુધારવાના ગ્રામ્ય કક્ષાના ધોરણો
## અન્ય વિકાસલક્ષી કામગીરી

- સ્ટ્રીટ લાઇટની વ્યવસ્થા
- ઘન કચરા નિકાલની વ્યવસ્થા
- ઉકરડા ગામથી દુર હટાવવા
- ગંદા પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા
- પંચાયત/સરકારી જમીનોની જાળવણી

# ખાતાના વડાઓની ભૂમિકા

- ખાતાના વડા હસ્તકની સંબંધિત જિલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓ તથા અધિકારીઓને સત્તા સુપ્રત કરવામાં આવેલ છે. તે અંગે જરૂર જણાયે સ્પષ્ટતાઓ તથા માર્ગદર્શન.
- તાલુકા કક્ષાએ સુપ્રત કરેલી યોજનાઓ, સેવાઓ અને પ્રવૃત્તિઓના અસરકારક અમલ અંગે દેખરેખ
- ખાતાના વડા હસ્તકની તાલુકા કક્ષાની કચેરીઓ / અધિકારીઓ પ્રાન્ત અધિકારીના માર્ગદર્શન / નિયંત્રણ હેઠળ અસરકારક રીતે કામગીરી કરે તે દેખરેખ.
- પ્રાન્ત અધિકારી અથવા કલેક્ટર દ્વારા રજુ થતા સૂચનો અંગે યોગ્ય વિચારણા
- સંબંધિત વિભાગ દ્વારા સુપ્રત કરેલ સત્તાઓ અંગેની કામગીરી સમયમર્યાદામાં તેમજ લક્ષ્યાંક મુજબ થાય તે અંગે દેખરેખ
- યોજનાકીય કામગીરીમાં થતા છેવટના સુધારાઓ / ફેરફારો અંગે પ્રાન્ત અધિકારીને માહિતગાર
- તાલુકાના અધિકારી / કર્મચારીઓને સંબંધિત વિભાગની કામગીરી / યોજનાની જાણકારી મળી રહે તે માટે સમયાંતરે તાલીમનું આયોજન કરવામાં આવે તે માટે સંબંધિત વિભાગ પૂરતા તાલીમ મોડ્યુલ્સ અદ્યતન
- એન.આઇ.સી. દ્વારા કરવામાં આવનાર એકીકૃત અને સમાન વ્યવસ્થાપન માહિતી સેવા (MIS)નો અસરકારક ઉપયોગ અને અલગથી માહિતી પત્રકો મંગાવવાના રહેશે નહિ.

# આભાર